ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૧/૨૩–૨૪/ 1129 તારીખ : 14 JUL 2023

**આર.પી.એ.ડી.**

**પ્રતિ,**
**શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાલીયા**
**મું.લાઠીદડ,**
**તા.બોટાદ,**
**જી.બોટાદ**

કેસ નં.૧૧/૨૩–૨૪

મો.નં–૯૯૦૪૩ ૬૮૭૪૯

વિષય : **અમારા વિજ કનેકશન ગ્રાહક નં–૩૬૮૪૫/૦૧૨૬૪/૪ નું ખોટી રીતે નામ ટ્રાન્સફર બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૦૫/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૫/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૩–૨૪/૯૩૮ તા.૧૯/૦૫/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૩–૨૪/૧૦૦૧ તા.૦૬/૦૬/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૧/૦૬/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, બોટાદ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૧/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાલીયા,**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૧/૦૬/૨૦૨૩** ◈

**વાદી** :– **શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાલીયા (પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાલીયા, ગામ–લાઠીદડ, તા.જી.બોટાદની વિજ કનેકશન ગ્રાહક નં–૩૬૮૪૫/૦૧૨૬૪/૪ નું ખોટી રીતે નામ ટ્રાન્સફર બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૩–૨૪/૯૩૮ તા.૧૯/૦૫/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૧/૦૬/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાલીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રી કનૈયાલાલ બાબુભાઈ ખંભાળીયા કે જેમની સંયુકત માલીકીની જમીન લાઠીદડ ગામના ખાતા નં–૨૫૩ ના રે.સ.નં–૨૨૫/૩ પૈકી ૧ ની જમીન પર ૭.૫ એચ.પી નું વીજળી કનેકશન ચાલે છે.

૧.૨ સદર કનેકશન જે તે સમયે શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ ના નામથી ચાલતુ હતું. પરંતુ, શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ તથા તેમના પુત્ર શ્રી બાબુભાઈ મગનભાઈ નું અવસાન થવાથી હાલ રે.સ.નં.૨૨૫/૩ પૈકી ૧ માં (૧) નાગરભાઈ વશરામભાઈ (૨) વશરામભાઈ મગનભાઈ (૩) શંકરભાઈ હરિભાઈ (૪) પ્રેમજીભાઈ હરિભાઈ (૫) મનસુખભાઈ હરિભાઈ (૬) કનૈયાલાલ બાબુલાલ (૭) ક્રિષ્નાબેન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

બાબુભાઈ (૮) નિર્મલાબેન બાબુભાઈ (૯) હસુમતીબેન બાબુભાઈ (૧૦) હંસાબેન બાબુભાઈ ના નામે ચાલે છે.

૧.૩ સદર કનેકશનમાં ગુજરનાર શ્રી બાબુભાઈ મગનભાઈના ૫ વારસદારો હોવા છતાં જાણ કર્યા વગર વીજ કનેકશનનું નામ ટ્રાન્સફર કરી નાંખેલ છે.

૧.૪ તા.૧૩.૦૪.૨૦૦૭ ના રોજ નાયબ ઈજનેર સાહેબને લેખિત તથા મૌખિકમાં વીજ જોડાણમાં નામ ટ્રાન્સફર તથા અન્ય કોઈપણ જાતનો ફેરફાર કરવો નહિ તેવી અરજી કરેલ છે.

૧.૫ તા.૨૯.૦૯.૨૦૧૦ ના રોજ શ્રી મામલતદાર અને શ્રી કલેકટર સાહેબને જાહેર નોટીસ વકીલ દ્વારા આપેલ કે ખાતા નંબર–૨૫૩ ની ખેતીની જમીન વડીલો પાર્જીત હોય એમાં અમારો હકક હિસ્સો હોય તો કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહિ.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ સદર ગ્રાહક નંબર–૩૬૮૪૫/૦૧૨૬૪/૪ શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ ના નામે હતું. જે કનેકશન સંયુકત માલિકીની જમીન લાઠીદડ ગામના ખાતા નં–૨૫૩ ના રે.સ.નં–૨૨૫/૩પૈકી૧ ની જમીન પર ૭.૫ એચ.પી નું વીજળી કનેકશન ચાલે છે. પરંતુ, તેમના વારસદારો દ્વારા તા.૨૧.૦૬.૨૦૧૭ ના રોજ નામ ફેરફાર ની અરજી આપવામાં આવેલ હતી.

૨.૨ શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ ના વારસદાર શ્રી વશરામભાઈ મગનભાઈ ખંભાળીયા કે જેમના દ્વારા તા. ૨૧.૦૬.૨૦૧૭ ના રોજ નામ ફેરફારની અરજી અત્રેની કચેરીને મળેલ હતી.

૨.૩ જેમાં ગ્રાહક દ્વારા લાઈટ બીલ ની નકલ, રેશનકાર્ડની નકલ, ચુંટણી કાર્ડ ની નકલ, ગામ નમુના નં.૭ અને ૧૨, તથા ૬ હકક પત્રો, નાંધ નંબરો ની નકલ કે જેમાં કબ્જેદારોમાં

૧. નાગરભાઈ મગનભાઈ

૨. બાબુભાઈ મગનભાઈ

૩. વશરામભાઈ મગનભાઈ

૪. શંકરભાઈ હરિભાઈ ખંભાળીયા

૫. પ્રેમજીભાઈ હરિભાઈ ખંભાળીયા

૬. મનસુખભાઈ હરિભાઈ ખંભાળીયા ના નામો સામેલ છે. જે તા.૧૬.૦૬.૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત લાઠીદડ માંથી નવા ૭, અને ૧૨ તથા ૬ હકક પત્રોની નકલ આપવામાં આવેલ.

૨.૩ મગનભાઈ લક્ષ્મણભાઈ તથા બાબુભાઈ મગનભાઈ નું અવસાન થતાં ગ્રાહક દ્વારા તેમના મરણ પ્રમાણ પત્ર ની નકલ આપેલ છે.

૨.૪ વશરામભાઈ મગનભાઈ દ્વારા નોટરાઈઝ બાહેંધરી પત્ર તથા નાગરભાઈ મગનભાઈ, શંકરભાઈ મગનભાઈ, પ્રેમજીભાઈ હરિભાઈ અને મનસુખભાઈ હરિભાઈ દ્વારા નોટરાઈઝ સંમતીપત્ર ગ્રાહક દ્વારા નામ ફેરફાર ની અરજી સાથે જોડેલ છે.

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૫ હાલ કનૈયાલાલ બાબુભાઈ દ્વારા અરજીમાં આપવામાં આવેલ ૭ અને ૧૨ તથા ૬ હકક પત્રો તા. ૧૫.૦૫.૨૦૨૩ ના રોજ છેલ્લી અસર આપ્યા તારીખ ૩૦.૦૩.૨૦૨૦ ની સ્થિતિએ જણાય છે. પરંતુ, નામ ફેરફારની અરજી તા.૨૧.૦૬.૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ અને સદર ડોકયુમેન્ટ તા.૧૫.૦૬.૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત લાઠીદડ માંથી ૭ અને ૧૨ તથા ૬ હકક પત્રો ની નકલના આધારે નામ ફેરફાર કરાવેલ છે.

૨.૬ ૭ અને ૧૨ તથા ૬ હકક પત્રો તા.૧૫.૦૬.૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત લાઠીદડમાંથી આપવામાં આવેલ છે. જેમાં, કનૈયાલાલ બાબુભાઈ, ક્રિષ્નાબેન બાબુભાઈ, નિર્મલાબેન બાબુભાઈ, હસુમતીબેન બાબુભાઈ, અને હંસાબેન બાબુભાઈ આ કોઈ વારસદારોના નામ ના હોવાથી સંમતી લીધેલ નંથી.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી કનૈયાલાલ બાબુલાલ ખંભાળીયા, મું.લાઠીદડ, તા.જી.બોટાદ દ્વારા તેમની સંયુકત માલીકીની જમીન ખાતા નં–૨૫૩ ના રે.સ.નં–૨૨૫/૩ પૈકી ૧ ની જમીન પર ૭.૫ એચ.પી. વિજળી કનેકશન ગ્રાહક નં–૩૬૮૪૫/૦૧૨૬૪/૪ માં સંયુકત માલીકી હોવા છતાં, તેમની સહમતિ વગર પીજીવીસીએલ દ્વારા નામ ફેરફાર કરી નાંખવામાં આવતા, વાંધો ઉપસ્થિત થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆતને ધ્યાને લઈ, રૂબરૂ સુનાવણી માટે ફોરમ દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ બોલાવવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદી હાજર રહી પોતાનો પક્ષ રાખેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડના આધારે ફોરમને જણાય છે કે, વાદી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ ગ્રાહક નં–૩૬૮૪૫/૦૧૨૬૪/૪ વાળા કનેકશન વાળી જગ્યા ખાતા નં–૨૫૩ રે.સ.નં–૨૨૫/૩ પૈકી ૧ ના મુળ માલીક શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ હતા. જેમના વારસદારો પૈકી તેમના પુત્ર શ્રી બાબુભાઈ મગન ભાઈ અરજદાર ના પિતાશ્રી થાય.

૩.૪ જગ્યાના માલીક શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ તથા તેમના પુત્ર શ્રી બાબુભાઈ મગનભાઈ ના અવસાન થતા અન્ય વારસદારો વિવાદીત વિજ કનેકશનનું નામ ફેરફાર તા.૨૧/૦૬/૨૦૧૭ ની અરજી થી કરવામાં આવેલ. જે અંગે રજૂ કરેલ રેવન્યુ રેકર્ડમાં સ્વ.બાબુભાઈ મગનભાઈના વારસદાર તરીકે અરજદારનું નામ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા તેમની સહમતી લેવામાં આવેલ ન હતી. અને ૭,૧૨ અને ૮–અ માં જે વારસદારો ના નામ હતા તેમની સહમતી થી સદરહુ વિજ કનેકશન શ્રી નારણભાઈ મગનભાઈ ખંભાળીયા ના નામે કરી આપવામાં આવેલ.

૩.૫ આજરોજ રૂબરૂ સુનાવણી માં વાદી, પ્રતિવાદી દ્વારા રજૂ થયેલ અન્ય રેવન્યુ રેકર્ડ ને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદી દ્વારા હાલ વારસાઈ અંગેના રેવન્યુ રેકર્ડ માં તેમનું નામ છે. પરંતુ, તે તા.૩૦/૦૩/૨૦૨૦ ની સ્થિતિએ જણાય છે, માટે તા.૨૧/૦૬/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

વિજ કનેકશનના નામ ફેરફાર અંગેની અન્ય વારસદારોની અરજી સમયે હાલના અરજદારશ્રી કનૈયાલાલ બાબુભાઈ દ્વારા વારસાઈ કરાવેલ ન હોઈ, તેમનું નામ રેવન્યુ રેકર્ડ પર ન હોવાથી, પ્રતિવાદી દ્વારા તેમની સહમતી માંગવામાં આવેલ નથી. અને નામ ફેરફાર અન્ય અરજદાર, વારસદાર ના નામે અન્ય વારસદારો ની સહમતી / મૃત્યુ ના દાખલાના આધારે કરેલ છે. જે કાર્યવાહી નિયમોનુસાર ની હોઈ, વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.: ભાવનગર.** |

તારીખ :– **૨૧/૦૬/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.